ગાંધીનગર સમાચાર

મંથન સંસ્થાના બાળકોને ભોજન કરાવી પોલીસ મિત્રોએ લીધો આનંદનો ઓડકાર

# ‘છાપ’ ગૃપના યુવાનોએ ફુંકયુ અનોખુ ‘બિગુલ’

**બિગુલ ફેસ્ટીવલ દ્વારા નીફટના યુવાનોએ શેરી નાટકો રજુ કરી નશા મુકિતનો સંદેશ આપ્યો : જંક મ્યુઝિક, ફયુઝન ડાન્સ અને કઠપૂતળીના ખેલ પણ રજૂ કરાયા**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની નિફટ કોલેજના યુવાનો દ્વારા ચલાવાતા ‘છાપ’ ગૃપ દ્વારા શનિ રવિ દરમિયાન બિગુલ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં ગાંધીનગર તથા અમદાવાદમાં યુવાનોએ શેરી નાટક, જંક મ્યુઝિક, ફયુઝન ડાન્સ તથા કઠપૂતળીના શો કર્યા હતા. શનિવારે ઘ-૪ પાસેના સ્વર્ણિમ પાર્કમાં તથા રવિવારે ઈન્ફોસીટી ખાતે યુવાનોએ શેરી નાટક દ્વારા નશા મુકિતનો સંદેશ પાઠવ્યો હતો.

શેરી નાટકો એ ભારતીય રંગભૂમિનો પૌરાણિક વારસો છે જે ધીમેધીમે લુપ્ત થવાને આરે છે. ‘છાપ’ ગૃપના યુવાનો દ્વારા સામાજિક સમસ્યાઓને શેરી નાટકો દ્વારા રજુ



(તસવીર : કશ્યપ નિમાવત)

કરી તેમાં લોકજાગૃતિ આણવાના પ્રયત્નો હાથ ધરવાનું બીડુ ઝડપવામાં આવ્યું છે. શનિ રવિ એમ બે દિવસ દરમિયાન છાપ ગૃપના યુવાનોએ બિગુલ ફેસ્ટીવલ ઉજવ્યો હતો જેમાં ગાંધીનગર અને અમદાવાદના વિવિધ સ્થળોએ શેરી નાટકો પ્રસ્તુત કર્યા હતા. ઉપરાંત આ યુવાનોએ જંક મ્યુઝીક, ફયુઝન ડાન્સ અને વધુ એક વિસરાતી જતી કળા કઠપૂતળીના શૉની પણ પ્રસ્તુતી કરી હતી. આશરે ૨૫ જેટલા યુવાનોએ પ્રસ્તુત કરેલા આ શેરી નાટકમાં નશા મુકિતનો ઉમદા સંદેશ પાઠવ્યો હતો. જયારે જંક મ્યુઝિકમાં યુવાનોએ નકામી ચીજવસ્તુઓ જેવી કે ડસ્ટબીન, બાલ્ટી, તુટેલી લાકડીઓ, બાંધકામમાં વપરાતા પતરાં, સિમેન્ટ કરવાના લેલા વગેરેનો ઉપયોગ કરી કર્ણપ્રિય સંગીત રચના પ્રસ્તુત કરી હતી. ફયુઝન ડાન્સમાં આ યુવાનોએ જગવિખ્યાત બેલી ડાન્સ અને કથ્થક નૃત્યનું સંમિશ્રણ કરી અનોખું ફયુઝન તૈયાર કર્યું હતું. આ સાથે તેમણે ભારતની વિસરાતી જતી પૌરાણિક કળા કઠપૂતળીના ખેલને પણ પોતાના ફેસ્ટીવલમાં આવરી લીધી હતી. યુવાનોના આ કાર્યક્રમને માણવા નગરજનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને તેમના પરફોર્મન્સને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આજની યુવા પેઢી પર સોશિયલ મિડીયા જેવા કે ફેસબુક, વ્હોટસ એપ વગેરેના બંધાણી હોવાના આરોપો લગાવાય છે. ટેકનોલોજીના આ યુગમાં ઈન્ટરનેટ અને સ્માર્ટ ફોનના માધ્યમથી યુવા વર્ગ પ્રભાવિત જરૂર થયો છે પરંતુ હજુ પણ આ વર્ગમાં ભારતીય સંસ્કૃતિ અને કલા વારસા માટે હૃદયમાં લાગણી ઠાંસોઠાંસ ભરેલી છે તે આ ફેસ્ટિવલ દ્વારા સાબિત થઈ રહ્યું છે. છાપ ગૃપના યુવાનોએ ભારતીય સંસ્કૃતિની વિસરાતી જતી કલાને પુનઃ જીવિત કરવા માટે કમર કસી છે. એટલું જ નહી પરંતુ તે સાથે તેમણે સામાજીક જાગૃતિનો સંદેશ પણ પાઠવ્યો છે જે પ્રસંશનીય બાબત છે.

## @ગાંધીનગર

● આજે રામકથામાં રાત્રે - ૮ કલાકે ભવ્ય સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં ભજન આરાધક પ.પૂ. મહંત ગોસ્વામી ધનગીરી બાવજી (સંત શ્રી દેવાયત પંડિતની ચેતન સમાધીની જગ્યા, દેવરાજ ધામ બાજકોટ) થી પધારશે. આ ભવ્ય સંતવાણી કાર્યક્રમમાં ગાંધીનગરના સૌ ભાવિભક્તોને પધારવા સુંદર ધામ પરિવાર તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

- નજાહખાનમ સૈયદ

# દહેગામમાં ક્ષત્રિય સેનાની સભામાંથી ૪૦૦ વ્યકિતઓની અટકાયત

**પોલીસની મંજુરી વિના વ્યસનમુકિત અંતર્ગત સભા યોજી હતી**

ગાંધીનગર, તા.૧૭

આગામી ૨૬ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે યોજાનાર ક્ષત્રિય સેનાની મહારેલી અનુંસધાને વિવિધ ગામોમાં વ્યસન મુકિત અભિયાન અંતર્ગત સભાઓ યોજવામાં આવી રહી છે. જે અનુસંધાને દહેગામમાં પણ ગઈ સાંજે ક્ષત્રિય સેનાની સભા યોજાઈ હતી. પરંતુ પોલીસે મંજુર આપી ન હોવા છતાં સભા યોજાતા ૪૦૦ જેટલા વ્યકિતઓની પોલીસે સભા સ્થળેથી અટકાયત કર્યા બાદ મુકત કર્યા હતા.

દહેગામ ક્ષત્રિય સેના દ્વારા વ્યસન મુકિત અભિયાન હેઠળ દહેગામમાં સભા કરવા પોલીસ પાસેથી મંજુરી માંગી હતી પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે હાલના તબક્કે સભાની મંજુરી આપી શકાય તેમ ન હોવાનું લાગતા તંત્ર એ સભાની મંજુરી આપી ન હતી. તેમ છતાં ક્ષત્રિય સેના દ્વારા ગઈ કાલે સાંજે શહેરના ઉગમણા વાસ નજીક વિના મંજુરીએ સભાનું આયોજન કર્યું હતું જે અંગે દહેગામ પોલીસને જાણ થતાં પોલીસે મહિલાઓ સહિત ૪૦૦ વ્યકિતઓને કલમ ૬૮ મુજબ ડીટેઈન કરી લીધા બાદ મુકત કર્યા હતા.





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરની વિવિધ સંસ્થાઓના ઉપક્રમે સેક્ટર-૬ ખાતે રવિવારે સફાઈ અભિયાન ઉપરાંત પોલિયો રસીકરણ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે પણ પોતાના હાથે જરૂરિયાતમંદ બાળકોને પોલિયોને રસી પીવડાવી હતી. તેમની સાથે સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલ અને જી ઈ ક્લબનાં દીપલ પરમાર સહિત સભ્યો જોડાયાં હતાં.

# આજે પ્રજાપિતા બ્રહ્માનો ૪૭મો સ્મૃતિ દિવસ ‘વિશ્વ શાંતિ દિવસ’ તરીકે ઉજવાશે

ગાંધીનગર, તા.૧૭

શ્રીમદ ભગવત ‘ગીતા’ના વાયદા, યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતુ ભારતઃ .... અનુસાર કળીયુગના આ અતિ ધર્મગ્લાનીના સમયે એક સાચા માનવીય આદિ સનાતન દેવી દેવતા ધર્મની પુનઃ સ્થાપના કરી ભારતની જ પાવનતમ ભૂમિ પર સ્વર્ગની પુનઃ સ્થાપના કરવા પરમપિતા શિવ પરમાત્માએ ૧૯૩૬માં સિંધ હૈદ્રાબાદના હિરા જવેરાતના વહેપારી દાદા લેખરાજના માનવીય તનનો આધાર લીધેલ હતો. આ માનવીય તનને પ્રજાપિતા બ્રહ્માનું નામ આપી નારી તું નારાયણી બનાવવા સત્ય ગીતાજ્ઞાન અને રાજયોગનું શિક્ષણ પ્રદાન કરવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરેલ આજે સમગ્ર વિશ્વના ૧૪૦ દેશોમાં આવેલ ૮૫૦૦ સેવા કેન્દ્રો ખાતે વ્યકિત પરિવર્તન દ્વારા વિશ્વ પરિવર્તનનું ભગીરથ કાર્ય થઈ રહેલ છે. વિદ્યાલયના આદ્યસ્થાપક



પ્રજાપિતા બ્રહ્માબાબાએ ૧૮ જાન્યુઆરી ૧૯૬૯ના રોજ પાર્થિવ દેહનો ત્યાગ કરી ફરિશ્તા રૂપ ધારણ કરેલ. જેની યાદગાર રૂપે ૧૮મી જાન્યુઆરીને બ્રહ્માકુમારીઝ દ્વારા વિશ્વ શાંતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં આવેલ તમામ સેવા કેન્દ્રો અને ગીતા પાઠશાળા ખાતે પણ પિતાશ્રી બ્રહ્માનો ૪૭મો સ્મૃતિ દિવસ ૧૮ જાન્યુઆરી, ૨૦૧૬ ‘વિશ્વ શાંતિ દિવસ’ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. જે અંતર્ગત સૌ બ્રહ્માકુમાર ભાઈબહેનો વિશેષ ગહન તપસ્યા આદરી સમગ્ર વિશ્વમાં આત્મા આત્મા ભાઈ ભાઈના નાતે સાચા અર્થમાં વિશ્વ બંધુત્વ, વિશ્વ એકતા અને શાંતિના પ્રકંપનો ફેલાવશે. સૌ ધર્મ પ્રેમી ભાઈ-બહેનોને આ વિશેષ દિવસે ખાસ શાંતિ અને પ્રેમની અનુભૂતિ કરવા સેવા કેન્દ્રની મુલાકાત લેવા બ્રહ્માકુમારી, સેકટર-૨૮, ગાંધીનગરના ઈન્ચાર્જ રાજયોગિની કૈલાશદીદીએ આમંત્રણ પાઠવ્યું છે.

## વાતવાતમાં

● મકરસંક્રાંતિ બાદ કમૂરતાં ઉતરતા શહેરમાં લગ્નગાળાની મૌસમ ખિલી ઉઠી છે. શહેરમાં રવિવારે ઠેર ઠેર લગ્નના ઢોલ ઢબૂકતા હતા અને માર્ગો પર વરઘોડા જોવા મળ્યા હતાં.

● સેકટર-૭ના બગીચામાં બાળકોને રમવાના નવા સાધનો જેવા કે હીંચકા, લપસણી વગેરે લગાડવામાં આવ્યા છે. માત્ર ટીવી અને કોમ્પ્યુટર સ્કીન સામે ચોંટી રહેતા બાળકો હવે શારીરિકી રમતો રમતા થાય તે જરૂરી છે.

● ગાંધીનગરમાં પોલિયો રવિવાર ઉજવાયો હતો. આ પોલિયો મુકિત અભિયાનમાં નગરની રોટરી કલબ દ્વારા સહાયકબળ પુરું પાડતા અભિયાનને વેગ આપતી લોક જાગૃતિ માટે ઉમદા કામગીરી કરાઈ હતી.

● ગાંધીનગર નજીકના બાલાજી અગોરા મોલ ખાતે આગામી ગુજરાતી અર્બન ફિલ્મ હુતુતુતુના કલાકારો પધાર્યા હતા. એક પછી એક સફળ થઈ રહેલી અર્બન ફિલ્મોએ ગુજરાતી સિને ઉદ્યોગના સુવર્ણ દિવસો ફરી આવવાનો આશાવાદ જગાવ્યો છે.

● રવિવારે ગાંધીનગર સરખેજ હાઈવે પરની અડાલજ ઉવારસદ ચોકડીએ ભારે ટ્રાફીક જામ સર્જાયો હતો. દર વીક એન્ડમાં એસજી હાઈવે પર ટ્રાફિક જામના દશ્યો સર્જાવાની સંખ્યા વધતી જાય છે તેમાં પાછા આ માર્ગ પરના પાર્ટી પ્લોટોમાં થયેલા લગ્ન સમારંભોના આયોજનોએ સમસ્યામાં વધારો કર્યો છે.

● વાતાવરણમાં દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડીની બેવડી ઋતુએ નગરજનોને ઋતુજન્ય બિમારીના ભોગ બનાવ્યા છે. નગરજનો તાવ, શરદી, ખાંસી, ગળુ દુઃખવું વગેરેનો શિકાર બની પરેશાન જણાઈ રહ્યાં છે.

● નગરના બાળકોએ સતત ચાર દિવસ સુધી પતંગ ચગાવવાનો આનંદ લુંટયો હતો. આટલી લાંબી ઉત્તરાયણના કારણે શાળાઓમાં પાંખી હાજરી જોવા મળી હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# મંથન સંસ્થાના બાળકોને ભોજન કરાવી પોલીસ મિત્રોએ લીધો આનંદનો ઓડકાર

ગાંધીનગર, તા.૧૭

શિયાળાનો પ્રારંભ થતા જ ગાંધીનગર શહેરમાં યુવાનો દ્વારા તુવેર (ટોઠા) તેમજ લીલી હળદર માટેના આયોજન થતા હોય છે. શિયાળાની રૂતુ આરોગ્યની દ્રષ્ટિએ ગુણકારી હોવાથી શિયાળામાં સ્વાદના શોખીન યુવાનો પોતાના મિત્ર વર્તુળ સાથે ઘર, પાર્ટી પ્લોટ, ખેતર, ફાર્મ હાઉસ સહિતના સ્થળો પર લીલી હળદરની પાર્ટી કરતા હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પોલીસ વિભાગમાં વિવિધ સ્થળોએ ફરજ બજાવતા પોલીસ જવાનોએ એકઠા થઈને પોતાના ખર્ચે તાજેતરમાં ગાંધીનગરના કલોક તાલુકાના હાજીપુર ખાતે આવેલ મંથન સંસ્થાના ૩૫૦ થી વધુ બાળકોને લીલી હળદરનું ભોજન કરાવી માનવતાની સુવાસ ફેલાવી હતી.

રાજયનું પાટનગર હોવાથી ગાંધીનગર હંમેશા ધમધમતું રહે છે. સમગ્ર રાજયની તમામ વિભાગની વડી કચેરીઓ શહેરમાં હોવાથી પોલીસ વિભાગની જવાબદારીઓ વધી જવા પામે છે. શહેરની પોલીસને ભાગમભાગમાં જમવાનો સમય પણ મળતો નથી. તેવા કપરા શીડયુલમાં તેઓ નિષ્ઠાપૂર્વ સેવા બજાવે છે. ત્યારે શિયાળાને આરોગ્ય માટે ઉતમ રુતુ ગણવામાં આવતી હોવાથી સ્વાદના શોખીન યુવાનો લીલી હળદરનો કાર્યક્રમ મિત્રો સાથે મળીને યોજતા હોય છે. ત્યારે શહેરના પોલીસ વિભાગમાં સચિવાલય, વિધાનસભા, એસપી કચેરી, સહિતના સ્થળોએ ફરજ બજાવતા પોલીસ મિત્રોને પણ લીલી હળદરનું ભોજન બાળકોને કરાવાની ઈચ્છા થઈ તમામ મિત્રોએ સાથ સહકાર આપવાની ઈચ્છા દર્શાવી હતી. થોડાક સમયમાં જ સ્થળ અને જગ્યા નિયત કરી દેવામાં આવી અને સંસ્થા હતી ગાંધીનગર જીલ્લાના કલોક તાલુકાના હાજીપુર ખાતે સ્થિત મંથન સંસ્થા જયાં વિશિષ્ટ બાળકો તેમજ વિકલાંગ બાળકોની સારસંભાળ લેવામાં આવે છે. આ સંસ્થા એ માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કર્યો છે. હાજીપુર ખાતે વર્ષોથી મંથન સંસ્થા કાર્યરત છે. સંસ્થાની સેવાની સુવાસ ગાંધીનગર સહિત અન્ય જીલ્લામાં પણ પ્રસરી છે. ત્યારે તાજેતરમાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતા દિલીપ ચૌધરી, જગદીશ સુથાર, વિનોદ દરજી, ચેલાભાઈ, તારાભાઈ, સહિતના મિત્રોએ મંથન સંસ્થામાં જઈને પોતાના હાથે હળદરીયું બનાવીને સંસ્થાના ૩૫૦ થી વધુ માનસીક રીતે વિશિષ્ટ તેમજ વિકલાંગ બાળકોને બાજરીના રોટલા, છાશ, હળદરીયુંનું ભોજન કરાવી આનંદનો ઓડકારી લીધો હતો. પોલીસ મિત્રોનું આ સેવાકાર્ય આજના યુવાનો જે મોજશોખ કરીને પોતાની જીંદગી બસર કરી રહ્યા છે તેમના માટે ઉતમ ઉદાહરણ પુરુ પાડે છે.



# ભોજન સમારંભોમાં અન્નના બગાડની સમસ્યા વકરી

**એક તરફ ભોજનનો બેફામ બગાડ તો બીજી તરફ અનેક નાગરિકો એક ટંકનું ખાવાથી પણ વંચિત : બુફેમાં વધુ પડતી આઈટમો રાખી ‘સ્ટેટસ’ બતાવવાની ઘેલછા સમસ્યા વધારવામાં કારણભૂત બની રહી છે**



લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ગાંધીનગર, તા.૧૭

ભારતીય સંસ્કૃતિમાં બે વિજાતીય વ્યકિતને વૈવાહિક સંબંધથી જોડતી કડી લગ્નનું અનોખું મહત્વ છે. આપણે લગ્નને ઉત્સવની જેમ ઉજવીએ છીએ. આ કારણે લગ્ન એ માત્ર બે વ્યકિતના વૈવાહિક સંબંધ પુરતા મર્યાદિત રહેવાને બદલે બે કુટુંબો વચ્ચેના સંબંધોમાં પરિણમે છે. આથી લગ્ન સમારંભનું આયોજન વિશેષ કાળજીથી અને ધામધૂમથી કરવામાં આવે છે. વળી, આ લગ્ન સમારંભોમાં યોજાતા ભોજન સમારંભનું મહત્વ તો સૌથી વિશેષ હોય છે. જો કે આજકાલ યોજાતા જાજરમાન ભોજન સમારંભોમાં થાળીમાં અને થાળીની બહાર જેમ જેમ આઈટમો ઉમેરાતી જાય છે તેમ તેમ જમણવારમાં થતો અન્નો બગાડ પણ સમસ્યારૂપ વધતો જ જાય છે.

હવા, પાણી અને ખોરાક એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે. જેમાંથી હવા એ ઈશ્વર દ્વારા દરેકને આસાનીથી મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે, પાણી માટે પણ એવું જ કહી શકાય તેમ હતું પરંતુ ધીમે ધીમે તેમાં પરિવર્તન આવતું જાય છે. ખોરાક મેળવવા પ્રથમથી જ માનવીને પ્રયત્ન કરવો પડે તેવી ગોઠવાયેલી વ્યવસ્થા સાથે પ્રાપ્ત થયેલી અનિવાર્યતા છે. આ કારણે માનવીના કર્મના કેન્દ્ર બિંદુમાં ખોરાકનું મહત્વનું સ્થાન રહ્યું છે. સામાજિક વ્યવસ્થાના વિકાસ પછી ભોજન માટેની માનવીની પ્રાથમિક જરૂરિયાત ધીમે ધીમે સ્ટેટસ સિમ્બોલ બનતી ગઈ જેના કારણે માત્ર લગ્ન સમારંભો જ નહી પરંતુ કોઈ પણ ધાર્મિક કાર્યક્રમો, રાજકીય કાર્યક્રમો કે વ્યવસાયિક આયોજનો ભોજન સમારંભ વગર અધૂરા ગણાય છે.

એક તરફ સમાજનો ઘણો મોટો વર્ગ એવો છે જેમને એક ટંક



પણ પેટ ભરીને પુરતું ખાવા મળતું નથી. આઝાદીના આટલા વર્ષો પછી પણ રાત્રે ભૂખ્યા સૂઈ જતા નાગરિકોની સંખ્યા ઘટવાને બદલે વધતી જ રહેવા પામી છે તે આપણી કમનસીબી કહી શકાય. બીજી તરફ ‘સ્ટેટસ સિમ્બોલ’ બની ગયેલા ભોજન સમારંભોમાં અન્નનો બગાડ પણ ઉડીને આંખે વળગે તેટલા પ્રમાણમાં થઈ રહ્યો છે અને વધી પણ રહ્યો છે. એક સમય હતો જયારે ભોજન સમારંભમાં ભારતીય પધ્ધતિ પ્રમાણે જમીન પર પલાંઠી વાળીને બેસી પંગત પડાતી હતી. આ પધ્ધતિમાં પીરસનાર દરેક વ્યકિતને પુછી પુછીને વાનગી પીરસતા જેથી અન્નનો શકય હોય તેટલો બગાડ ઓછો થઈ શકે. આ પછી સમય આવ્યો ટેબલ ખુરશી પર બેસાડીને પગંત પાડવાનો. આ બંને પધ્ધતિમાં સ્થિતિ એક સરખી હતી પરંતુ એક સાથે વધારે માણસોને જમાડવા માટે આ પધ્ધતિઓ ખર્ચાળ અને થકવી નાંખનારી હતી. આ બંને પધ્ધતિમાં એક પ્રથા એ પણ હતી કે જયારે ‘પંગત’નું જમવાનું પૂર્ણતા એ હોય ત્યારે ‘શાહુકારી’ ઉઘરાવવામાં આવતી એટલે કે ભોજન કરનારની થાળીમાં જે વધેલી વાનગી હોય તે પરત કરી શકે જેનો ગરીબ જરૂરિયાતમંદોને દાન કરવામાં આવતી હતી. જો કે સમયના પરિપ્રેક્ષ્યમાં ખર્ચાળ અને ઓછી જગ્યામાં અગવડભરી સાબિત થતી આ પધ્ધતિઓનું સ્થાન ‘બુફે’ એ લીધું છે. બુફે પધ્ધતિમાં હવે પીરસવાનો માનવ શ્રમ ઓછો થયો અને મર્યાદિત જગ્યામાં વધુ વ્યકિતઓને એક સાથે જમાડી શકાવા લાગ્યા છે. આ પધ્ધતિમાં પણ વ્યકિતને ‘જેટલું ખાવું હોય તેટલું જ થાળીમાં લે’ તેવી વણકહી ભાવના સમાયેલી હતી. ખરેખર તો આ કારણે અન્નનો બગાડ ઘટવો જોઈતો હતો પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ સાબિત થઈ છે. હાલના જમણવારોમાં થતો ભોજનનો બગાડ એ ચિંતાજનક સમસ્યા બનતો જાય છે.

આ સમસ્યાના ઉદભવવામાં વ્યકિતની અવનવી ભાવતી વાનગીઓ શકય હોય તેટલી માણી લેવાની લાલચ ભલે હશે પરંતુ ‘સ્ટેટસ’ બતાવવાની લ્હાયમાં થાળીમાં વધતી જતી વાનગીઓની વસ્તી પણ એટલી જ જવાબદાર છે. માત્ર થાળીમાં જ નહી હવે તો થાળી બહાર એટલે કે મુખ્ય ભોજન સિવાય આનુષંગિક વાનગીઓ જેમાં મોટે ભાગે ફાસ્ટફુડનો સમાવેશ થાય છે તેની સંખ્યા વધતી જાય છે. અર્વાચીન ભોજન સમારંભમાં ખાસ કરીને લગ્ન સમારંભ દરમિયાન યોજાતા હોય તેમાં વ્યકિત માત્ર ત્યાં રાખવામાં આવેલ દરેક વાનગી માત્ર એકવાર ચાખી લે તો પણ તેનું પેટ ભરાઈ જાય તેટલી હદે ‘મેનુ’ રાખવામાં આવ્યું હોય છે. દરેક ભોજન સમારંભના અંતે થયેલા અન્નના બગાડનો નિકાલ કેવી રીતે કરવો તે આયોજક માટે ચિંતાજનક સમસ્યા બની જાય છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા હવે તો ભોજન સમારંભોમાં વધેલ વાનગીઓ ઉઘરાવી જરૂરિયાતમંદોને પહોંચાડવાની ઉમદા સેવા પણ હાથ ધરાઈ છે. પરંતુ જયાં સુધી વધુ મોટા ‘મેનુ’ દ્વારા માન મરતબો વધતો હોવાની ભ્રામક માન્યતા નહીં છુટે ત્યાં સુધી અન્નના બગાડની સમસ્યા અટકવી મુશ્કેલ જણાય છે.


પ્રતિભાવો : samirtalod@yahoo.com

# ચિલોડા જંકશન પર બસ સ્ટેન્ડ બનાવવા મુસાફરોની માંગ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વારા ગણાતા ચિલોડા જંકશન ખાતે ગાંધીનગર શહેર તરફ જ પીકઅપ બસ સ્ટેન્ડ આવેલું છે. સર્કલનની અન્ય શહેર તરફ જતા માર્ગો પર સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોને ડીવાઈડર પર ઉભા રહેવાની ફરજ પડે છે. સતત ધમધમતું ચિલોડા જંકસન ખાતે બસ સ્ટેન્ડ બનાવવા મુસાફરોએ માંગ કરી છે.

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર ગણાતા ચિલોડા જંકશન પાસેથી નેશનલ હાઈવે પસાર થાય છે. જેથી ચિલોડા જંકશન રાત દિવસ ધમધમે છે રોજના હજ્જારો મુસાફરો મુસાફરી કરે છે. ત્યારે ચિલોડા થી ગાંધીનગર તરફ જવાના માર્ગ પર જ માત્ર પીક અપ સ્ટેન્ડ તંત્ર દ્વારા મુક્વામાં આવ્યું છે. ચિલોડા ચાર રસ્તાથી દહેગામ,અમદાવાદ અને હિંમતનગર તેમજ રાજસ્થાન તરફનો વાહન વ્યવહાર હોવાથી મુસાફરો મોટી સંખ્યામાં હોય છે. ચિલોડાના ગ્રામજનો એ તંત્ર સમક્ષ અનેકવાર લેખીત અને મૌખીક રજુઆતો કરી છે. પરંતુ હજુ સુધી કોઈ નીવેડો આવ્યો નથી. મુસાફરોને ડીવાઈડર ઉભા રહીને બસ માટે રાહ જોવી પડે છે. શિયાળામાં તેમજ ચોમાસામાં આ જંકશનના મુસાફરોને ભારે તકલીફ ભોગવવી પડે છે. તંત્ર દ્વારા નિર્ણય કરી ઝડપી પીકઅપ બસ સ્ટેન્ડ બનાવાય તેવું મુસાફરો ઈચ્છી રહ્યા છે.



## ચિરવિદાય

- સ્વ. દિનેશકુમાર બબાશંકર દવે, ઉ.વ. ૭૫
- સ્વ. નિર્મળાબેન કૃષ્ણચંદ્ર દિક્ષિત, ઉ.વ. ૭૫
- સ્વ. મણીબેન હરીભાઈ ચૌધરી, ઉ.વ. ૮૫